# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________________
   (Name) ____________________________
2. (Signature) ____________________________
   (Name) ____________________________

**D 3 7 1 2**

OMR Sheet No. : .............................................
(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |
(In figures as per admission card)

Roll No.________________________________
(In words)

Time : **1 $^1/_4$** hours] [Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **8** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the circle as indicated below on the correct response against each item.
   **Example :** Ⓐ Ⓑ ● Ⓓ
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and Original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are, however, allowed to carry duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   **उदाहरण** : Ⓐ Ⓑ ● Ⓓ
   जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं । यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें । हालांकि आप परीक्षा समाप्ति पर OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं ।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई अंक काटे नहीं जाएँगे ।**

# GUJARATI

## પ્રશ્નપત્ર – II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** બહુવિકલ્પી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (2)** ગુણ છે. ઉમેદવારે **બધા** પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

**1.** 'ગુણરત્નાકર છંદ'ના સર્જક કોણ છે ?
(A) લાવણ્યસુંદર (B) સહજસુંદર
(C) નયસુંદર (D) સમયસુંદર

**2.** વાયસુ ઉડાવત્તીઅએ, પિયુ દિઠ્ઠઉ સહસત્તિ અદ્ધા વલયા મહિહિ ગય, અદ્ધા ફૂટ તડત્તિ - આ દુહો કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
(A) વસુદેવ હિંડી
(B) નલ-દવદંતીરાસ
(C) સિદ્ધહૈમ
(D) હંસાઉલી

**3.** નીચેનામાંથી કયું આખ્યાન પ્રેમાનંદનું નથી ?
(A) કનકાવતી આખ્યાન
(B) નળાખ્યાન
(C) ચંદ્રહાસાખ્યાન
(D) રણયજ્ઞ

**4.** 'બરાસકસ્તૂરી'નું સાહિત્ય સ્વરૂપ દર્શાવો.
(A) ફાગુ (B) પ્રબંધ
(C) બારમાસી (D) પદ્યવાર્તા

**5.** 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં લગ્નગીતો'નું સંકલન કોણે કર્યું છે ?
(A) નંદશંકર મહેતા
(B) કરસનદાસ મૂળજી
(C) નર્મદ
(D) હરગોવિંદદાસ કાંટાવાળા

**6.** 'સત્યપ્રકાશ'ના તંત્રી કોણ હતા ?
(A) દુર્ગારામ માસ્તર
(B) નવલરામ
(C) દલપતરામ
(D) કરસનદાસ મૂળજી

**7.** પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ કોણ હતા ?
(A) ગોવર્ધનરામ ત્રિપાઠી
(B) ભુલાભાઈ દેસાઈ
(C) આનંદશંકર ધ્રુવ
(D) ક.મા. મુન્શી

**8.** નીચેનામાંથી હરિશ્ચંદ્ર ભટ્ટનો કાવ્યસંગ્રહ કયો છે ?
(A) સ્વપ્નદૃષ્ટા (B) સ્વપ્નપ્રયાણ
(C) સ્વપ્નતીર્થ (D) સ્વપ્નલોક

**9.** 'ગોમંડળ પરિક્રમા'ના લેખક કોણ છે ?
(A) પૂર્ણિમા પકવાસા
(B) વીરમતી ત્રિવેદી
(C) નંદકુંવરબા
(D) ચંદનબેન દ્વિવેદી

**10.** નીરવ પટેલના કાવ્યસંગ્રહનું નામ દર્શાવો.
(A) બહિષ્કૃત (B) બહિષ્કૃત ફૂલો
(C) કયાં છે સૂરજ ? (D) પ્રકંપ

**11.** ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. મિથ્યાભિમાન
2. જળને પડદે
3. રોમનસ્વરાજ
4. લલિતાદુ:ખદર્શક
(A) 2 – 1 – 4 – 3
(B) 3 – 1 – 2 – 4
(C) 1 – 4 – 3 – 2
(D) 4 – 3 – 2 – 1

**12.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :
1. પ્રેમ અને પૂજા
2. ઝેર તો પીધાં છે જાણી જાણી–1
3. બંધન અને મુક્તિ
4. દીપનિર્વાણ
(A) 3 – 4 – 1 – 2
(B) 2 – 3 – 4 – 1
(C) 1 – 2 – 3 – 4
(D) 4 – 3 – 1 – 2

**13.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :
1. ચેતન
2. સંસ્કૃતિ
3. જ્ઞાનસુધા
4. ઉદ્દેશ

(A) 2 – 1 – 4 – 3
(B) 4 – 2 – 3 – 1
(C) 3 – 4 – 1 – 2
(D) 3 – 1 – 2 – 4

**14.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :
1. અંતઃસ્ફુરણા
2. વિઘટન
3. અનુકરણ
4. કલ્પના

(A) 2 – 3 – 1 – 4
(B) 3 – 4 – 1 – 2
(C) 3 – 4 – 2 – 1
(D) 4 – 2 – 1 – 3

**15.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :
1. ભુક્તિવાદ
2. અભિવ્યંજનાવાદ
3. અનુમિતિવાદ
4. ઉત્પત્તિવાદ

(A) 3 – 4 – 1 – 2
(B) 2 – 4 – 3 – 1
(C) 4 – 3 – 1 – 2
(D) 1 – 2 – 3 – 4

**16.** યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. મધુ રાય
2. ધૂમકેતુ
3. ગુલાબદાસ બ્રોકર
4. ઘનશ્યામ દેસાઈ

(A) 2 – 3 – 1 – 4
(B) 4 – 1 – 2 – 3
(C) 1 – 4 – 3 – 2
(D) 3 – 4 – 1 – 2

**17.** નીચેનામાંથી સાચું વિગતજૂથ જણાવો :
(A) આકાર, ગ્રીનબેલ્ટ, સાફલ્યટાણું
(B) કંદરા, અહલ્યા, નકલંક
(C) ડાયાપશાની વાડી, કાદંબરીની મા, અનૌરસ સૂર્ય
(D) વિનોદિની નીલકંઠ, કુન્દનિકા કાપડિયા, હિમાંશી શેલત

**18.** નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો :
(A) સુરેશ જોશી : વરપ્રાપ્તિ, પદભ્રષ્ટ, પદ્મા તને
(B) ચુનીલાલ મડિયા : ચંપો અને કેળ, વાની મારી કોયલ, કંકુ
(C) હિમાંશી શેલત : કિંમત, કાચની સામે કાચ, સૌભાગ્યવતી
(D) વીનેશ અંતાણી : સ્ત્રી નામે વિશાખા, દશમન, રણઝણવું

**19.** નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :
(A) બાંશી નામની છોકરી, સભા, કઉતુક
(B) મલક, ગીધ, ભળભાંખળું
(C) છંદોલય, કિન્નરી, ધ્વનિ
(D) તાંદુલ, પંખીપદારથ, પદપ્રાંજલિ

**20.** નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :
(A) કાશ્મીરી, પંજાબી, બંગાળી
(B) ભારત-યુરોપીય ભાષાકુળ, આફ્રો-એશિયન ભાષાકુળ, ભારતીય-આર્ય ભાષાકુળ
(C) એલ્બેનિઅન, હિટાઇટ, આર્મીનિઅન
(D) મૈથિલી, અવધી, નિમાડી

**21.** નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :
(A) કલાવતી, નિયતિ, અરુંધતી
(B) જીવી, રાજુ, કાશી
(C) અમૃતા, રેવા, હેતી
(D) શબૂ, પૂનમ, ચંપા

**22.** નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો :
(A) વસંતતિલકા, અનુષ્ટુપ, ચોપાઈ
(B) દોહરો, શાર્દૂલવિક્રીડિત, હરિગીત
(C) સ્રગ્ધરા, ઝૂલણા, કટાવ
(D) શિખરિણી, મંદાક્રાન્તા, પૃથ્વી

**23.** નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો :

(A) મધ્યમપદલોપી સમાસ : કલ્પવૃક્ષ, ઘરજમાઈ, વટેમાર્ગુ

(B) બહુવ્રીહિ સમાસ : મહાબાહુ, ઘરેઘરે, ચોઘડિયું

(C) કર્મધારય સમાસ : પીતાંબર, મધ્યપ્રદેશ, મેઘગંભીર

(D) અવ્યયીભાવ સમાસ : પ્રતિદિન, આજન્મ, ચક્રપાણિ

**24.** નીચેના વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :

**A.** 'ઇ' ગુજરાતી ભાષાનો સ્વર અને ધ્વનિઘટક છે.

**R.** ગુજરાતી ભાષાના બધા ધ્વનિઘટકો સ્વરો છે.

(A) A અને R બંને સાચાં છે.

(B) A સાચું છે અને R ખોટું છે.

(C) A ખોટું છે અને R સાચું છે.

(D) A અને R બંને ખોટાં છે.

**25.** નીચેના વિધાનોની કાર્યકારણની દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :

**A.** સગપણ થયું હોવા છતાં રાજુ અને કાળુ પરણી શક્યાં નહિ

**R.** કારણ કે બંનેના પિતા ગુજરી ગયા હતા.

(A) A અને R બંને સાચાં છે.

(B) A અને R બંને ખોટાં છે.

(C) A સાચું છે અને R ખોટું છે.

(D) A ખોટું છે અને R સાચું છે.

**26.** નીચેના વિધાનોની કાર્યકારણની દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :

**A.** અનન્વય અલંકારમાં ઉપમેય અને ઉપમાન હોતાં નથી.

**R.** કારણ કે અનન્વય અલંકારમાં કેવલ ઉપમેય જ હોય છે.

(A) A ખોટું છે અને R સાચું છે.

(B) A સાચું છે અને R ખોટું છે.

(C) A અને R બંને ખોટાં છે.

(D) A અને R બંને સાચાં છે.

**27.** નીચેના વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :

**A.** ભાષામાં અર્થભેદક રીતે પ્રયોજાય તે ધ્વનિઘટક છે.

**R.** બધા જ ધ્વનિઓ અર્થભેદક હોય છે.

(A) A અને R બંને સાચાં છે.

(B) A અને R બંને ખોટાં છે.

(C) A ખોટું છે અને R સાચું છે.

(D) A સાચું છે અને R ખોટું છે.

**28.** નીચેના વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :

**A.** 'માને ખોળે' સુંદરમ્‌ની ઉત્તમ વાર્તા છે.

**R.** કારણ કે તેમાં માતૃપ્રેમનું આલેખન છે.

(A) A ખોટું છે અને R સાચું છે.

(B) A સાચું છે અને R ખોટું છે.

(C) A અને R બંને સાચાં છે.

(D) A અને R બંને ખોટાં છે.

**29.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો.

**વિધાન (અ)** : 'અનુકરણ એટલે મરણ' : કાકા સાહેબ

**વિધાન (બ)** : 'અનુકરણ એટલે મરણ' : આનંદ શંકર

(A) (અ) સાચું છે (બ) ખોટું છે.

(B) (અ) ખોટું છે (બ) સાચું છે.

(C) (અ) અને (બ) બંને સાચાં છે.

(D) (અ) અને (બ) બંને ખોટાં છે.

**30.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : શબ્દાલંકારથી અર્થાલંકાર બને છે.

**વિધાન (બ)** : અર્થાલંકારોનું કામ શબ્દાલંકારથી ચઢિયાતું છે.

(A) (અ) સાચું છે (બ) ખોટું છે.

(B) (અ) ખોટું છે (બ) સાચું છે.

(C) (અ) અને (બ) બંને ખોટાં છે.

(D) (અ) અને (બ) બંને સાચાં છે.

**31.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : 'ગ્રામ ચિત્રો' ઈશ્વર પેટલીકરની નવલકથા છે.

**વિધાન (બ)** : 'ભૂંસાતાં ગ્રામ ચિત્રો' મ.હ. પટેલના નિબંધો છે.

(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે (બ) સાચું છે.

**32.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : 'આત્મનિમજ્જન' : મણિલાલ દ્વિવેદીની આત્મકથા છે.

**વિધાન (બ)** : 'પ્રિયંવદા'ના સંપાદક રમણભાઈ નીલકંઠ હતા.

(A) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(B) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બંને ખોટાં છે.
(D) (અ) અને (બ) બંને સાચાં છે.

**33.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : 2011નો નરસિંહ મહેતા એવૉર્ડ ભાનુપ્રસાદ ત્રિવેદીને અર્પણ થયો.

**વિધાન (બ)** : 2011નો નરસિંહ મહેતા એવૉર્ડ ભાનુપ્રસાદ પંડ્યાને અર્પણ થયો.

(A) (અ) ખોટું છે (બ) સાચું છે.
(B) (અ) સાચું છે (બ) ખોટું છે.
(C) (અ) અને (બ) બંને ખોટાં છે.
(D) (અ) અને (બ) બંને સાચાં છે.

**34.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : 'એક દિન આંસુભીનાં રે હરિનાં લોચનિયાં મેં દીઠાં' – કરસનદાસ માણેક

**વિધાન (બ)** : 'મારાં નયણાંની આળસ રે ન નીરખ્યા હરિને જરી' – નાનાલાલ

(A) (અ) અને (બ) બંને ખોટાં છે.
(B) (અ) અને (બ) બંને સાચાં છે.
(C) (અ) સાચું છે (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે (બ) સાચું છે.

**35.** નીચેના વિધાનોની સત્યાસત્યતા તપાસો :

**વિધાન (અ)** : 'બાયુ' વાર્તાના લેખક હિમાંશી શેલત છે.

**વિધાન (બ)** : 'શબવત્' વાર્તાના લેખક રમેશ દવે છે.

(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

**36.** બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| **યાદી-1** | **યાદી-2** |
|---|---|
| a. ગાફિલ | 1. હરજી લવજી દામાણી |
| b. અદમ ટંકારવી | 2. મનુભાઈ ત્રિવેદી |
| c. મરીઝ | 3. આદમ મૂસા પટેલ |
| d. શયદા | 4. અબ્બાસ અબ્દુલ વાસી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 1 | 3 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 2 | 3 | 4 | 1 |

**37.** બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| **યાદી-1** | **યાદી-2** |
|---|---|
| a. ખ | 1. પાર્શ્વિક ધ્વનિ |
| b. લ | 2. તાલવ્ય ધ્વનિ |
| c. ય | 3. કંઠ્ય મહાપ્રાણ |
| d. શ | 4. અર્ધસ્વર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 2 | 3 | 1 | 4 |

38. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. હવેલી | 1. વિવેચન સંગ્રહ |
| b. નિરીક્ષા | 2. વાર્તા સંગ્રહ |
| c. ગોષ્ઠિ | 3. એકાંકી સંગ્રહ |
| d. વિસામો | 4. નિબંધ સંગ્રહ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 1 | 4 | 3 | 2 |
| (D) | 4 | 2 | 1 | 3 |

39. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. પ્રિયે, તું જ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો | 1. મંદાક્રાન્તા |
| b. ઠગાવાના છો જી જલધિમથની વ્હેંચણી મહીં | 2. હરિણી |
| c. જો તો ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે | 3. શિખરિણી |
| d. વિજન પથને ચીલે-ચીલે તમિસ્ર મહીં ઘન | 4. પૃથ્વી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

40. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. ભવાઈ | 1. લોકગીત |
| b. ફટાણાં | 2. લોકનૃત્ય |
| c. મરસિયાં | 3. લોક નાટ્ય |
| d. રાસ | 4. લગ્નગીત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 3 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 4 | 2 | 1 |

41. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. આગગાડી | 1. અનુઆધુનિક યુગ |
| b. રણપિંગળ | 2. અનુગાંધી યુગ |
| c. ગીધ | 3. ગાંધી યુગ |
| d. બારી બહાર | 4. સુધારક યુગ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 4 | 2 | 3 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

42. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. ઉદ્દેશ | 1. જયેશ ભોગાયતા |
| b. તથાપિ | 2. બાબુ સુથાર |
| c. પ્રત્યક્ષ | 3. પ્રબોધ જોશી |
| d. સંધિ | 4. રમણ સોની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 1 | 4 | 2 |

43. બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. કહેવત | 1. ઘર જમાઈ |
| b. રૂઢિપ્રયોગ | 2. સંસાર સાગર |
| c. રૂપક | 3. પડ્યા ઉપર પાટું |
| d. સમાસ | 4. નાકલીટી તાણવી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 4 | 3 | 1 | 2 |

**44.** બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| **યાદી-1** | **યાદી-2** |
|---|---|
| a. યુલિસિસ | 1. દોસ્તો એવસ્કી |
| b. થ્રી સીસ્ટર્સ | 2. કાફકા |
| c. ધ મીક વન | 3. જેમ્સ જોયસ |
| d. ધ કાસલ | 4. ચૅખવ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 3 | 4 | 1 | 2 |

**45.** બંને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| **યાદી-1** | **યાદી-2** |
|---|---|
| a. વિનીત જોડણી કોશ | 1. ગુજરાતી સાહિત્ય પરિષદ |
| b. ભગવદ્ ગો મંડળ | 2. સરદાર પટેલ યુનિવર્સિટી |
| c. ગુજરાતી સાહિત્ય કોશ - 1 - 2 - 3 | 3. ગુજરાત વિદ્યાપીઠ |
| d. ગુજરાત જ્ઞાન ગંગોત્રી શ્રેણી | 4. મહારાજા ભગવત સિંહજી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 4 | 2 | 1 |

નીચેનો ગદ્યખંડ વાંચી એની નીચે આપેલા ઉત્તરોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

ગઈ સદીના અંતમાં સાહિત્યક્ષેત્રે આધુનિકતાવાદી વલણે નકાર કે નિષેધની ચાલ ચાલવી શરૂ કરેલી. પહેલો નિષેધ આવ્યો અનુભવનો. ચેતનાનો. પછી નિષેધ પરંપરાનો ઈતિહાસનો, મૂલ્યોનો અને એમ કરતાં નિષેધ આવ્યો કૃતિ સિવાયના બધા જ સંદર્ભોનો. આવા અન્તર્વેગી પ્રવાહમાં બહારનું બધુ છોડીને ધસતી કવિતાએ છન્દનો પણ નિષેધ કર્યો. એણે મુક્ત પદ્યનું સાહસ કર્યું. મુક્ત પદ્યમાં પદ્યને મુક્ત કરવાનું સાહસ એ પહેલું સાહસ હતું, જેમાં નિયમિત પંક્તિઓને અને ચુસ્ત કડીબદ્ધતાને તોડવામાં આવી તો, પદ્યથી મુક્ત થવાનું બીજું સાહસ હતું, જેમાં છાન્દસ નિયમિત સીમાઓની બહાર રહેલા અસિદ્ધ લયના પ્રદેશોને તાગવામાં આવ્યાં. મુક્ત પદ્યનું આ સાહસ છેવટે આત્યંતિક સાહસ પર જઈને ઠર્યું અને તે ગદ્યકાવ્યનું સાહસ હતું.

ગદ્યકાવ્યનું સાહસ જવાબદારી વગર આગળ વધ્યું ત્યારે એ ઠેર ઠેર અપસાહસ બન્યું. ક્યારેક તો કોઈપણ સાહસ ન કરવા અંગેનો ટૂંકો સહેલો રસ્તો બન્યો. કોઈ છન્દ નહિ, કોઈ તાલીમ નહિ, કોઈ તણાવ નહિ, કોઈ તરેહ નહિ, કોઈ અંત નહિ, કોઈ પરિશ્રમ નહિ. કાપેલા ગદ્યના કટકાઓ ગમે તેમ જોડીને તરંગને ઉછાળો અને ઝાલો કે કવિતા હાથવેંતમાં. કોઈ ધર્મ પાળવાનો નહિ અને કવિ કર્મ કરવાનું નહિ. નાદે ચઢેલા કવિએ કવિતામાં નાદની જ ઉપેક્ષા કરી. ...

**46.** આધુનિકતાવાદી સાહિત્યની ચાલમાં મુખ્યત્વે કયો સૂર રહેલો છે ?
(A) અનુભવનો
(B) ચેતનાનો
(C) નકારનો
(D) સ્વીકારનો

**47.** મુક્ત પદ્યના આગમનનું મુખ્ય કારણ કયું ?
(A) છંદનો નિષેધ
(B) મુક્તિની ઝંખના
(C) છંદ પ્રત્યેનો અણગમો
(D) છંદોની જાણકારીનો અભાવ

**48.** આધુનિક કવિતા એ લયક્ષેત્રે કયું પ્રદાન કર્યું ?
(A) નવાં-નવાં ગેય સ્વરૂપો ખેડ્યાં
(B) નવા લય પ્રદેશો તાગ્યા
(C) નવી કવિતા આપી
(D) ગદ્યને નિયમિત લયમાં ઢાળ્યું

**49.** ગદ્ય કાવ્યના સાહસથી કવિતા ક્ષેત્રે શું બન્યું ?
(A) કવિઓ સાહસિક થયા
(B) કવિઓ પરિશ્રમી બન્યા
(C) કવિતા લખવાનું સરળ થયું
(D) કવિ કર્મની ઉપેક્ષા થઈ

**50.** ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.
(A) આધુનિક કવિતાનાં વલણો
(B) આધુનિકતા અને પરંપરા
(C) આધુનિક કવિતાના ફાયદા
(D) આધુનિકતાની મર્યાદાઓ

**Space For Rough Work**